નવસારીની મનપા સંચાલિત શાળાઓમાં શૈક્ષણિક સામગ્રી પહોંચવામાં વિલંબ

## સત્ર પુરું થવાનું પણ વિદ્યાર્થીઓ શૈક્ષણિક સામગ્રીથી વંચિત

**હજારો બાળકોના અભ્યાસ સામે પ્રશ્નાર્થ**

**ચૂંટણી** આચારસંહિતા અને ટેક્નિકલ ખામીને કારણે વિતરણ વિલંબિત

**આગામી** ૧૦ દિવસમાં કીટ મળી જશે તેવી શાસનાધિકારીની ખાતરી

**વિજલપોર** સહિતના આસપાસના વિસ્તારોની ૨૦ શાળાઓ હજુ શિક્ષણ સમિતિમાં સામેલ નથી



નવસારીઃ નવસારી મહાનગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હેઠળની શાળાઓમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રી પૂરી પાડવાની કામગીરી વિલંબિત થતાં શિક્ષણ વ્યવસ્થાના આયોજન અંગે ચર્ચા શરૂ થઈ છે.

શૈક્ષણિક સત્રના પાંચ મહિના પસાર થઈ ગયા હોવા છતાં શહેરની ૧૫ શાળાઓના ૩ હજારથી વધુ વિદ્યાર્થીઓને નોટબુક અને કંપાસ બોક્સ મળ્યાં નથી. બીજી તરફ, વિજલપોર સહિત આસપાસનાં ૧૨ ગામોની જિલ્લા પંચાયત હસ્તકની ૨૦ પ્રાથમિક શાળાઓને હજુ સુધી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં સામેલ કરવામાં આવી નથી. આ સ્થિતિમાં સંબંધિત શાળાઓના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનો લાભ ક્યારે મળશે તેવો પ્રશ્ન ઊભો થયો છે.

આ મુદ્દે કોંગ્રેસનાં નગરસેવિકા પ્રભાબેન વલસાડિયાએ શિક્ષણ વ્યવસ્થાના સંચાલન અંગે સવાલો ઉઠાવ્યા છે, જ્યારે સમાજસેવક વિજય રાઠોડે સમયસર નોટબુક ન મળવાથી ગરીબ અને શ્રમિક પરિવારોનાં બાળકોના અભ્યાસ પર અસર થવાની ચિંતા વ્યક્ત કરી છે.

જોકે, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી જગદીપ મકવાણાના જણાવ્યા મુજબ ચૂંટણીની આચારસંહિતા અને પ્રથમ ટેન્ડરમાં આવેલી ટેક્નિકલ ખામીઓને કારણે વિતરણમાં વિલંબ થયો હતો.

હાલ નોટબુક છપાઈને તૈયાર થઈ ગઈ છે અને આગામી દસ દિવસમાં વિતરણ પૂર્ણ કરવાની ખાતરી આપવામાં આવી છે. ધોરણ ૨થી ૩ના વિદ્યાર્થીઓને બે, ધોરણ ૩થી ૫ના વિદ્યાર્થીઓને ચાર અને ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓને નવ નોટબુક આપવાનું આયોજન છે.

### સુવિધાનો લાભ ક્યારે મળે છે તેના પર સૌની નજર

આગામી વર્ષથી ટેન્ડર પ્રક્રિયા ફેબ્રુઆરી-માર્ચમાં પૂર્ણ કરીને નવા શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસે જ નોટબુક વિતરણ કરવાનો લક્ષ્યાંક પણ રજૂ કરાયો છે. હવે તંત્રની સમયમર્યાદા મુજબ વિતરણ પૂર્ણ થાય છે કે નહીં અને બાકીની ૨૦ શાળાઓના વિદ્યાર્થીઓને આ સુવિધાનો લાભ ક્યારે મળે છે તેના પર સૌની નજર રહેશે.

## ખેરગામમાં દશેરાએ રામજી મંદિરે ૩૫ ફૂટના રાવણના પૂતળાનું દહન કરાશે

સુરત : ખેરગામમાં દશેરાના પવિત્ર પર્વ નિમિત્તે રામજી મંદિરે દર વર્ષની પરંપરા મુજબ કામદાર નેતા આર સી પટેલના હસ્તે રાવણના પૂતળાનું દહન કરવામાં આવશે. દશેરાના પર્વે રાવણદહન નિહાળવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતા હોય છે. આ વર્ષે આશરે ૩૫ ફૂટ ઊંચું રાવણનું પૂતળું તૈયાર કરવામાં આવ્યું છે. પૂતળાના નિર્માણ સહિતની અન્ય તૈયારીઓ હાલ ચાલી રહી છે. દશેરા એ અસત્ય પર સત્યના વિજય અને અધર્મ પર ધર્મના વિજયનું પ્રતિક માનવામાં આવે છે. ભગવાન શ્રીરામે રાવણનો વધ કરીને ધર્મની સ્થાપના કરી હતી, તેની સ્મૃતિમાં દેશભરમાં દશેરાના પર્વે રાવણદહનના કાર્યક્રમો યોજાય છે. રામજી મંદિરે યોજાતો આ કાર્યક્રમ પણ વર્ષોથી લોકો માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યો છે. પરંપરાગત રીતે યોજાનારા આ કાર્યક્રમમાં લોકો પરિવારજનો સાથે ઉપસ્થિત રહી દશેરાની ઉજવણીની સાથે રાવણદહનનો નજારો માણશે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાંસદાના બારતાડની સ્કૂલમાં રાજ્યની પ્રથમ સ્પેસ એન્ડ ઇનોવેશન લેબનું ઉદ્‌ઘાટન



વાંસદાઃ ભારતના મહાન વૈજ્ઞાનિક અને પૂર્વ રાષ્ટ્રપતિ ભારત રત્ન ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામની જન્મજયંતિ, 'વાંચન પ્રેરણા દિન' નિમિત્તે આદિજાતિ વિકાસ વિભાગ અંતર્ગત નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના બારતાડ ખાતે ચાલતી એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ (EMRS) માં રાજ્યની સરકારી શાળામાં પ્રથમ 'વિક્રમ સારાભાઈ સ્પેસ એન્ડ ઇનોવેશન લેબ' નો આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે પ્રારંભ કરાવ્યો હતો. પ્રાયોજના વહીવટદારની કચેરી-વાંસદાના સહયોગથી તૈયાર થયેલી આ લેબમાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા ડ્રોન, RC પ્લેન અને રોબોટિક્સ મોડેલ્સનું મંત્રીએ નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, આ પહેલથી આદિજાતિ ક્ષેત્રના વિદ્યાર્થીઓમાં પણ વૈજ્ઞાનિક અભિગમ વિકસશે અને તેઓ ભવિષ્યમાં દેશના અવકાશ સંશોધનમાં યોગદાન આપી શકશે. આ પ્રસંગે નવસારીના જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, વાંસદાના પ્રયોજના વહીવટદાર સ્વપ્નિલ સિસલે તથા સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર (SAC), ISROના પૂર્વ નિયામક ડૉ. એન. એમ. દેસાઈ, શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### દેલવાડાની ખાડીમાં ડૂબી જતાં વડોલીના ૩૫ વર્ષીય યુવકનું મોત

નવસારીઃ જલાલપોર તાલુકાના દેલવાડા ગામે પ્રાથમિક શાળા નજીક આવેલી ખાડીમાં માછલી પકડવા ગયેલા વડોલીના ૩૫ વર્ષીય યુવકનું ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર, વડોલી ગામના હળપતીવાસમાં રહેતા અનિલભાઈ મગનભાઈ રાઠોડ (ઉં.વ. ૩૫) ગત તા. ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સાંજે સાત વાગ્યા પહેલાં દેલવાડાની ખાડીમાં માછલી પકડવા ગયા હતા. જાળ પાણીમાં નાખતી વખતે અચાનક પગ લપસી જતાં તેઓ ઊંડા પાણીમાં ખાબક્યા હતા અને ડૂબી જવાથી તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે ચંદ્રીકાબેન પરેશભાઈ પ્રજાપતિએ મરોલી પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતની નોંધ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો. બનાવની વધુ તપાસ અ.હે.કો. વિશાલભાઈ સુરેશભાઈ ચલાવી રહ્યા છે.

### સંજાણમાં બિલ્ડિંગના બીજા માળની બાલ્કનીમાંથી પટકાતાં યુવાનનું મોત

ઉમરગામ : સંજાણમાં બિલ્ડીંગના બીજા માળે બાલ્કની માથી નીચે પડતા એક યુવાનનુ મોત નીપજ્યું હતુ. સુત્રો પાસેથી મળતી વિગતો મુજબ ઉમરગામ તાલુકાના સંજાણ ગામે આશિયાના બિલ્ડીંગના બીજા માળે રહેતા સંદીપપ્રસાદ નિર્મલ પ્રસાદ (ઉં.વર્ષ 31 મૂળ રહે ઝારખંડ)ની લાશ બિલ્ડીંગ નીચે પાર્કિંગ કરેલા મોટરસાયકલ ઉપર ઊંધી પડેલી હાલતમાં સવારે જોવા મળી હતી. મરણ જનાર સંદિપપ્રસાદ તુંબ ખાતે આવેલી એક કંપનીમાં કામ કરતો હતો તેની પત્ની પ્રેગનન્ટ હોય બાળકો સાથે વતન ગયેલી હોય તે હાલમાં એકલો રહેતો હતો. તારીખ 17 ના શનિવારના રોજ સંદીપ તેના મિત્રો સાથે મહારાષ્ટ્ર ગયો હતો અને દારૂ પીધો હતો. તારીખ 17-10- 2026 ના રોજ રાત્રે 22:45 થી તારીખ 18-10-2026 ના કલાક 7:00 વાગ્યાના સુમારે સંજાણ આશિયાના બિલ્ડીંગના બીજા માળે આવેલ બાલ્કનીમાંથી નશાની હાલતમાં આકસ્મિત રીતે નીચે પડી જવાના કારણે તેનું મોત થયું હોવાના બનાવની ઉમરગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કૈલાશ નિર્મલ સાવ (રહે છરવાડા વાપી)એ આપતા પોલીસે લાશનુ પીએમ કરાવી હાલમાં અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પીએમ રિપોર્ટ અને પોલીસ તપાસ બાદ જ મોતનુ સાચું કારણ બહાર આવશે.

### ચીખલી તાલુકામાં રૂપિયા ૨૧.૭૭ કરોડનાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત


ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી તાલુકાનાં તલાવચોરા, ઘેજ, ચરી અને સોલધરા ગામોમાં કેબિનેટ મંત્રી નરેશ પટેલના હસ્તે જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલી નાયક, કારોબારી અધ્યક્ષ ડો અમિતા પટેલ, બાંધકામ અધ્યક્ષ કૌશિકભાઈ, તાલુકા પંચાયતના પ્રમુખ રશ્મિકાબેન, જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી ડો અશ્વિનભાઈ, વસુધારા ડેરીના ડિરેક્ટર કિશોરભાઈ, ભાજપ પ્રમુખ મયંકભાઇ, મહામંત્રી સમીરભાઈ, જિલ્લા પંચાયત સભ્ય કૌશિકભાઈ, ડો નેહાબેન, ગણદેવી સુગરના ડિરેક્ટર નટુભાઇ સહિત આગેવાનોની ઉપસ્થિતિમાં વિકાસલક્ષી કામોનું ખાતમુહૂર્ત કરાયું હતુ. મંત્રી નરેશ પટેલે જણાવ્યું હતું કે, આદિજાતિ વિસ્તારોમાં માર્ગ, શિક્ષણ અને બાળવિકાસ સહિતની પાયાની સુવિધાઓ વધુ સુદ્રઢ બને તે માટે સરકાર દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ રૂપિયા ૯.૧૯ કરોડના ખર્ચે વિકાસકાર્યો હાથ ધરવામાં આવી રહ્યાં છે. તલાવચોરા ગામ ખાતે કાવેરી નદીના પુલની બાજુમાં નવા હાઈલેવલ મેજર બ્રિજ તથા તલાવચોરા-ભુડરવાડ રોડ સહિતના માર્ગોનાં કામો, મુખ્યમંત્રી હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ તલાવચોરા સોલંકીવાસથી હળપતિવાસ થઈ ચીખલી-તલાવચોરા એમ.ડી.આર. રોડને જોડતા માર્ગનું કામ તેમજ તલાવચોરા ખાતે નવા ગ્રામ પંચાયત ભવનના બાંધકામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ઘેજ ગામ ખાતે નાના ડુંભરીયા-મોટા ડુંભરીયા રોડની પહોળાઈ વધારવાનું કામ, ચરી, વાંઝરી ફળિયા, ઝાડી ફળિયા થઈ ખેરગામ-વાવ રોડને જોડતા માર્ગ ઉપર ઝાડી ફળિયા અને ખુશાલ ફળિયામાં સ્થાનિક કોતર પર પૂલનું, ખુશાલ ફળિયા શાળામાં ઓરડાનું તેમજ ઘેજ ગામતળ ખાતે આંગણવાડીના નવા મકાનના બાંધકામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ અવસરે માર્ગ મકાનના કાર્યપાલક ઈજનેર મનીષભાઈ તથા કલ્પેશભાઈ, ડેપ્યુટી ઇજનેર ગૌરવભાઈ રામાણી, ભરતભાઈ ઉપરાંત મયુરભાઈ, કેતુલભાઈ સહિતનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

### ચણોદમાં મિત્રો વચ્ચેની બોલાચાલીમાં એકને ચપ્પુ મારી દીધું

વાપી : વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, મૂળ બિહારના અને હાલ વાપીના ભડકમોરા સ્થિત ચાલીમાં રહેતા શ્રીકાંત અંબિકા તિવારીના પુત્ર વિષ્ણુ અને ગોવિંદા સુરજ પાસવાન (રહે. ચણોદ, વાપી) વચ્ચે કોઈક કારણસર બોલાચાલી થઈ હતી. આ તકે ઉશ્કેરાયેલા ગોવિંદાએ વિષ્ણુને ઢીક્કામુક્કીનો માર મારી, આવેશમાં આવીને ધારદાર હથિયાર પેટના ભાગે ઝીંકી દીધું હતું. ગંભીર ઇજાને કારણે બેભાન થયેલા વિષ્ણુને પ્રાથમિક સારવાર માટે વાપીની હોસ્પિટલમાં અને ત્યારબાદ વધુ સારવાર અર્થે સેલવાસની નમો હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે પિતા શ્રીકાંત તિવારીએ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## પારડીના પરીયા ગામે દંપતી દવાખાને ગયું ને તસ્કરો ત્રાટક્યા

**બંધ** મકાનને નિશાન બનાવી રૂપિયા ૧.૫૦ લાખના દાગીનાની ચોરી

**ઘરની** પાછળની બારી વાટે ઘૂસેલા ચોરે બેડરૂમના કબાટમાંથી સોનાની ચેન, બુટ્ટી અને ચાંદીના દાગીના ઉઠાવ્યા


અમૃત પટેલ

પારડી : પારડી તાલુકાના પરીયા ગામના બંધાડી ફળિયામાં ચોરે એક મકાનને નિશાન બનાવી અંદાજે રૂ.૧.૫૦ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે મકાનમાલિક લીનાબેન પ્રકાશભાઈ પટેલે પારડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પરીયા ગામના બંધાડી ફળિયામાં દંપતિ લીનાબેન અને પ્રકાશભાઈ રહે છે. તા. ૧૭ ઓક્ટોબરના રોજ સાંજે તેમના પતિ નોકરી પરથી ઘરે આવ્યા હતા. લીનાબેનને ગળામાં દુખાવો થતા તેઓને મોટરસાઇકલ પર રોહીણા ગામે દવાખાને ગયાં હતાં. જોકે, ત્યાં પહોંચતાં દવાખાનું બંધ થઈ ગયું હોવાથી બંને રોહીણામાં રહેતા તેમના સગા શંકરભાઈ મિસ્ત્રીના ઘરે બેઠા હતા ત્યારબાદ રાત્રે આશરે સાડા બાર વાગ્યે દંપતી ઘરે પરત ફર્યું ત્યારે બેડરૂમમાં રાખેલા પતરાના કબાટનો દરવાજો ખુલ્લો હતો અને અંદરનો સામાન વેરવિખેર પડ્યો હતો. તપાસ કરતાં કબાટના ખાનામાં રાખેલ આશરે રૂ.૬૦ હજારની કિંમતની દોઢ તોલાની સોનાની ચેન, આશરે રૂ.૬૦ હજારની કિંમતની સોનાની કાનસેરી અને બુટ્ટીની ત્રણ જોડ તથા રૂ.૩૦ હજારની કિંમતની ચાંદીની લક્કી અને સાંકળાની ત્રણ જોડ મળી આવી નહોતી. ઘરની પાછળની બારીમાં ગ્રીલ ન હોવાથી અજાણ્યો ચોર બારી મારફતે ઘરમાં પ્રવેશ્યો હોવાની આશંકા ફરિયાદમાં વ્યક્ત કરવામાં આવી છે. કબાટનો દરવાજો તોડી કુલ રૂ.૧.૫૦ લાખના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી ગયાની ફરિયાદ પારડી પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી.

## વાપીમાં રેલવે ઓવરબ્રિજ પર ગર્ડર લોન્ચિંગ કરાયું

**૨.૩૦** કલાકના મેગા બ્લોક દરમિયાન રેલવે અને ડીએફસીસી ટ્રેક પર ૭૨ મીટર બોસ્ટિંગ ગર્ડર લોન્ચ કરાયું

**બ્રિજ** બનવાથી વાપી-દમણના પાંચ લાખથી વધુ લોકોને ટ્રાફિકની સમસ્યાથી કાયમી મુક્તિ મળશે



વાપી : રાજ્યના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ રવિવારે વાપી નામધા - જે ટાઈપ જીઆઈડીસીમાં રૂપિયા 60 કરોડના ખર્ચે નિર્માણ પામી રહેલા રેલવે ઓવરબ્રિજ પર રેલવે ટ્રેક તથા ડીએફસીસી ટ્રેક પોર્શન પર 72.00 મીટર બોસ્ટિંગ ગર્ડર લોન્ચિંગ કામગીરીનું નિરિક્ષણ કર્યું હતું. આ દરમિયાન કનુભાઈએ કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે માટે સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી.

વાપીના જે ટાઈપ વિસ્તારમાં બોસ્ટરિંગ ગર્ડરની લોન્ચિંગ કામગીરી માટે રેલવે તથા ડીએફસીસી વિભાગ દ્વારા 2 કલાક 30 મિનિટનો મેગા બ્લોક આપવામાં આવ્યો હતો. આ સમયગાળા દરમિયાન વાપી અને ભિલાડ સેક્શનમાં ટ્રેનોને રિશીડ્યુલ કરવામાં આવી હતી.

આ બ્રિજના નિર્માણ થવાથી વાપી અને દમણના ઔદ્યોગિક એકમોને નેશનલ હાઈ વે સાથે એક નવી કનેક્ટિવિટી મળશે. જેનાથી વાપી પૂર્વ અને પશ્ચિમ વિસ્તારના લોકોને ટ્રાફિકની સમસ્યાથી મુક્તિ મળશે. રેલવે વિભાગની કામગીરી પૂર્ણ થયેથી બ્રિજની બાકી રહેલી કામગીરી ખૂબ જ ટૂંક સમયમાં પૂર્ણ થશે. આ રેલવે ઓવરબ્રિજ બનવાથી નામધા, ચંડોર, કુંતા તથા દમણના અંદાજે પાંચ લાખથી વધુ લોકોને અવર જવરમાં રાહત મળશે.

મંત્રી કનુભાઈની આ મુલાકાત સમયે વાપી મનપાના કમિશનર એન.એફ.ચૌધરી, વાપી મનપાના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સતિષભાઈ પટેલ, વાપી મનપાના ડે. મેયર મિતેષભાઈ દેસાઈ, વલસાડ માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર જતીનભાઈ પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ, વાપી વીઆઈએ પૂર્વ પ્રમુખ કમલેશ પટેલ, રેલવે વિભાગના સિનિયર ડિવિઝનલ એન્જિનિયર વિજેન્દ્ર મીણા, આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર અને ડીએફસીસીએચના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


આસીફ શેખ

## શ્રીમદ રાજચંદ્ર આશ્રમની મુલાકાતે અદાણી દંપતી

**વિશ્વની** સૌથી ઊંચી શ્રીમદ રાજચંદ્રજીની પ્રતિમાના ચરણ પખાળી પ્રક્ષાલન વિધિ કરી

ધરમપુર : અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી અને અદાણી ફાઉન્ડેશનના ચેરપર્સન ડૉ. પ્રીતિ અદાણીએ નવરાત્રિના પાવન અવસરે રવિવારે ધરમપુરના 'શ્રીમદ રાજચંદ્ર મિશનની મુલાકાત લઈ પૂજ્ય ગુરુદેવ રાકેશજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

ગૌતમ અદાણીએ 'X' પર કરેલી પોસ્ટ પર લખ્યું, "પ્રીતિ અને મેં ધરમપુર સ્થિત શ્રીમદ રાજચંદ્ર આશ્રમમાં પૂજ્ય ગુરુદેવ શ્રી રાકેશજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. વિશ્વની સૌથી ઊંચી શ્રીમદ રાજચંદ્રજીની પ્રતિમાના ચરણ પૂજનીય ભાવે ચરણ ધોવાની પ્રક્ષાલન વિધી કરવાનો અનુભવ અત્યંત ભાવપૂર્ણ હતો."

પૂજ્ય ગુરુદેવે જણાવ્યું હતું કે સાધના અને સેવા એકબીજા સાથે જોડાયેલાં છે. તેમણે વ્યક્તિના જીવન, સંસાધનો અને તકોનો ઉપયોગ વિશાળ જનકલ્યાણ માટે કરવા બાબત પણ માર્ગદર્શન આપ્યું હતું.

દંપતીએ આશ્રમના ધ્યાન અને આધ્યાત્મિક પ્રવચન સંકુલ જ્યાં પૂજ્ય ગુરુદેવે માનવ જીવનના ઉદ્દેશ્ય અને આધ્યાત્મિક સાધનાના મહત્વ વિશે વાત કરી હતી, તે રાજ સભાગૃહ'માં યોજાયેલા સત્સંગમાં ભાગ લીધો હતો. વધુમાં સામાજિક કાર્યોમાં યોગદાન આપી રહેલા મિશનના યુવા વ્યાવસાયિકો અને વિદ્યાર્થીઓ સાથે પણ અદાણીએ સંવાદ કર્યો હતો.

ડૉ. પ્રીતિ અદાણીએ 'શ્રીમદ રાજચંદ્ર સર્વમંગલ સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર વિમેન'ની મુલાકાત લઈ આદિવાસી મહિલાઓ સાથે વાતચીત કરી હતી. અને દિવ્યાંગ બાળકોને તબીબી સાધનોના વિતરણમાં સહભાગી થયાં હતાં.

અદાણીએ 'શ્રીમદ રાજચંદ્ર લવ એન્ડ કેર' સાથે સહયોગ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. વર્ષના આરંભે અદાણીએ અયોધ્યા, કોલકાતાના કાલીઘાટ અને ઉત્તર ગુજરાતમાં તારંગા હિલ્સ ખાતે જૈન મંદિરની મુલાકાત લીધી હતી. ૧ મેના રોજ, દંપતીએ તેમની ૪૦મી લગ્નતિથી નિમિત્તે કેદારનાથની મુલાકાત લીધી હતી.

## વાપી મનપાએ ૭ દિવસમાં ૧૭૧ મિલકત સીલ કરી



**બાકી** વેરો ન ભરનાર ૩ બંગલા, ૪ ગોડાઉન, ૫૬ ફ્લેટ, ૨૮ દુકાનો-ઓફિસો અને ૧૩૨ રૂમની તાળાંબંધી

### વેરો નહીં ભરાય તો વધુ કડક પગલાં લેવાશે

નાયબ કમિશનર કિરણસિંહ રણાએ જણાવ્યું છે કે મોટા બાકીદારોને 'ધી જીપીએમસી એક્ટ' પ્રકરણ ૮ ના નિયમ ૪૧ મુજબ આખરી નોટિસો અપાઈ રહી છે. જો વેરો નહીં ભરાય તો આગામી દિવસોમાં વધુ કડક પગલાં લેવાશે અને ઉદાસીન મિલકતધારકોને મહાનગરપાલિકા તરફથી મળતી આવશ્યક સેવાઓ બંધ કરી દેવાશે. વ્યાજ અને દંડથી બચવા તેમજ વાપીના વિકાસમાં યોગદાન આપવા માટે તમામ મિલકતધારકોને પોતાનો બાકી વેરો તુરંત જમા કરાવી દેવા અનુરોધ કરાયો છે.

વાપી : વાપી મહાનગરપાલિકાના ઘરવેરા વિભાગ દ્વારા બાકી વેરાની વસૂલાત માટે સતત ૭ દિવસ સુધી ચલાવવામાં આવેલા મહાઅભિયાનમાં ૧૧૦૦થી વધુ મિલકતધારકો પાસેથી રૂપિયા ૮૦ લાખની વસૂલાત કરવામાં આવી છે. મહાનગરપાલિકા કમિશનર એન. એફ. ચૌધરીએ વર્ષોથી નોટિસો આપવા છતાં વેરો ન ભરનારાઓ સામે કડક પગલાં લેવાના આદેશ આપ્યા હતા. જેના પગલે ટેક્ષ વિભાગના હેડ ક્લાર્ક રાકેશ ઠક્કરની આગેવાનીમાં કર્મચારીઓ દીપક ચભાડિયા, ધર્મિન આહીર, શુભમ પટેલ, કુણાલ પટેલ, શિવપ્રસાદ જોશી, સુરેશ બાવળીયા અને મેહુલ ચૌહાણની ટીમોએ આ વસૂલાત ઝુંબેશ ચલાવી હતી.

આ કામગીરી દરમિયાન ગોદાલનગર, ચલા અને ડુંગરા વિસ્તારમાં ૩ બંગલા સીલ કરવામાં આવ્યા હતા. ઉપરાંત અપનાઘર, નામધા રોડ, ટાંકી ફળિયા, એકતાનગર, રણછોડનગર અને રમઝાનવાડી જેવા વિસ્તારોમાં ૪૩થી વધુ ચાલીઓની ૧૩૨ રૂમોને તાળાં મારવાની કાર્યવાહી કરાતાં ૨૧ ચાલી માલિકોએ સ્થળ પર જ વેરો જમા કરાવી દીધો હતો. આ સિવાય વાપી, ચલા, ડુંગરા, છરવાડા અને છીરી વિસ્તારમાં ૫૬ ફ્લેટ તથા ૨૮ દુકાન-ઓફિસોને તાળાં મરાયાં હતાં, તેમજ ડુંગરા અને કરવડમાં ૪ ગોડાઉન સીલ કરાયા હતા.

પાંચ વર્ષથી વધુ જૂનો વેરો વસૂલ કરવા માટે કરાયેલી કાર્યવાહીમાં કુલ ૧૭૧થી વધુ મિલકતો સીલ કરીને રૂપિયા ૮૦ લાખ મેળવાયા હતા, જેમાં ૧૪ સપ્ટેમ્બરે.૩૩.૫૨ લાખની વિક્રમી વસૂલાત થઈ હતી. મિલકત સીલ કરવાની કાર્યવાહી થતાં ૬૦ થી વધુ મિલકતધારકોએ સ્થળ પર જ રૂપિયા ૧૮ લાખનો વેરો ઓનલાઈન ભરી દીધો હતો.

## નવસારી-ગણદેવી રોડ પર બાઈક સ્લિપ થતાં પ્રૌઢનું મોત

નવસારી : નવસારી-ગણદેવી માર્ગ પર અડદા ગામ નજીક મોટરસાઈકલ સ્લિપ થતાં ગંભીર રીતે ઘવાયેલા ૫૨ વર્ષીય પ્રૌઢનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ અકસ્માતને પગલે પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી. પ્રાપ્ત વિગતો મુજબ, ગણદેવી તાલુકાના કોલવા ગામના આહીરવાસ ખાતે રહેતા અમૃતભાઈ મંગાભાઈ આહીર (ઉં.વ. ૫૨) તા. ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે પોતાની હોન્ડા સીડી ૧૦૦ મોટરસાઈકલ (નં. GJ-15-D-2220) લઈને ઘરેથી નવસારી તરફ જઈ રહ્યા હતા. દરમિયાન અડદા ગામે જૂના સ્વામિનારાયણ મંદિરના ગેટ પાસેથી પસાર થતાં મોટરસાઈકલ પરનો કાબૂ ગુમાવતા બાઈક રોડ પર સ્લીપ થઈ હતી. અકસ્માતમાં અમ્રતભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ સહિત શરીરે અન્ય ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે એંધલ ગામના રમેશભાઈ રવજીભાઈ આહીરે નવસારી રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## પીંપરી-નાંદરખામાં દીપડો પકડાયો



સાપુતારા, બીલીમોરા : ડાંગ જિલ્લાના પીંપરીમાં દીપડો પાંજરે પુરાયો હતો. ચીચીનાગાંવઠા રેન્જના RFO આર.આર.ચૌહાણે ટીમને દીપડો પકડવા સૂચના આપી હતી. જેથી ફોરેસ્ટર અફસાનાબેન તથા ટીમે પાંજરું ગોઠવ્યું હતુ. તા. 17 ઑક્ટોબરે ધમેન્દ્ર પવારના ઘરના આંગણે ગોઠવેલા પાંજરામાં દીપડો પુરાઈ ગયો હતો. તેને જંગલમાં છોડી મૂકવામાં આવશે. જ્યારે ગણદેવી તાલુકાના નાંદરખાના વચલા ફળિયામાં રવિવારે દીપડો પાંજરે પુરાયો હતો. આજ સ્થળે ત્રણ સપ્તાહ અગાઉ દીપડો પાંજરે પુરાયો હતો. નાંદરખાના વચલા ફળિયામાં દીપડો દેખાતો હોવાથી સરપંચ ચંદ્રકાન્ત પટેલે વન વિભાગને જાણ કરતા પાંજરું ગોઠવ્યું હતું. જેમાં ત્રણ સપ્તાહ બાદ રવિવારે દીપડો પાંજરે પુરાયો હતો. વન વિભાગના અધિકારી ચેતન પટેલ, કિશોર પટેલ દ્વારા એંધલ વન ડેપો લઈ જવાયો હતો.

આપ સર્વેને નવરાત્રીની શુભકામના
બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ
નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ
મજુરી 5.9%*
R.A. Parikh Jewellers NX
નવસારી કે સુરતમાં અમારી કોઈ બ્રાંચ નથી.
ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181